# શિક્ષણનું સામાજિકરણ કરવા માટે સરકાર અધકચરી માનસિકતા ધરાવે છે

## બાળકોના સ્થાયીકરણ અને શાળા તત્પર બનાવવાના અભિગમની ત્રુટીઓ કેમ છુપાવાઈ રહી છે

**સમયસર** - પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૧

શિક્ષણનું સાર્વત્રીકરણ ઝુંબેશ બાદ સરકાર આ વખતે પ્રવેશોત્સવની સાથે સાથે શિક્ષણનું સામાજીકરણનો નવો વળાંક આપવાનો પ્રયાસ કરી શિક્ષણ ક્ષેત્રે વધુ એક પ્રયોગ કરશે.

રાજ્ય સરકારે ૧૩, ૧૪ અને ૧૫ જુન દરમ્યાન શાળા પ્રવેશોત્સવ યોજવાની જાહેરાત કરી દીધી છે. પહેલાં શાળાઓમાં ડ્રોપઆઉટ રેસિયો ઘટાડવાની ઝુંબેશ કરી પછી નવો શબ્દ આપ્યો શાળામાં બાળકનું સ્થાયીકરણ. આ પછી શિક્ષણના સાર્વત્રિકરણ પર વિશેષ ભાર મુક્યો.

ખાનગી પ્રા. શાળા, ડે કેર સ્કૂલ્સ, ખાનગી મા. શાળાઓને મંજૂરીઓ આપવામાં આવી ખાનગી કોલેજો પણ વધી પરંતુ બેકારી નિરાકરણની સમસ્યા પર ધ્યાન ના આપ્યુ અને શિક્ષણની ગુણવત્તા પર પણ ધ્યાન ના અપાયુ.

બે-ત્રણ વર્ષ પૂર્વે સરકારને ગુણોત્સવના માધ્યમ થકી જ્ઞાન લાધ્યુ કે શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ નથી અપાતુ. શિક્ષકોની ચિંતન શિબિરો કરી આ માટે ઘણુ બધુ કર્યુ પણ પછી સરકારને હવે લાગ્યુ છે કે શિક્ષણનું સામાજીકરણ નથી થયુ.

એટલે આ વખતે પ્રવેશોત્સવમાં શિક્ષણના સામાજિકરણ પર ભાર મુકવામાં આવ્યો છે. આ વાતનો પડઘો સરકારે કરેલા પરિપત્રમાં તેમજ રાજ્ય યુવક બોર્ડ દ્વારા ચલાવવામાં આવતા વિવેકાનંદ મંડળોના કાર્યક્રમોની રૂપરેખા જોઈએ તો ખ્યાલ આવી જાય.

સરકાર પોતાની ગલતી છુપાવવા નથી માંગતી પણ કુલડીમાં ગોળ જરૂર ભાંગવા માંગે છે. વિવેકાનંદ મંડળોને શિક્ષણ સાથે સાંકળી શું સિદ્ધ કરવા માગે છે તેનો ઉત્તર સમય આપી શકશે પરંતુ તેમાં એક વાત સ્પષ્ટ કહેવામાં આવી છે કે ૪૦ ટકાથી વધુ ગેરહાજર રહેનાર બાળકોના ઘરની નિયમિત મુલાકાત લઈ બાળકને શાળા તત્પર બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

નિદાન કસોટી જે માર્ચ-૨૦૧૯માં લેવાઈ પણ તેનુ પરિણામ ક્યાં અટવાયુ છે તે વિશે તંત્ર મૌન જરૂરી છે પણ પ્રવેશોત્સવમાં જનાર અધિકારી-પદાધિકારીને પરિણામના આધારે સમીક્ષા કરવાની સૂચના આપી છે.

૪૦ ટકાથી વધુ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓની સંખ્યા કે શાળાઓની સંખ્યા અંગે એબ્સર્ડ ડ્રામાની જેમ તંત્ર મૌન સેવે છે. આ અંગેના વિદ્યાર્થીઓની યાદી વિવેકાનંદ મંડળોને મળશે પણ શિક્ષણની ચિંતા કરનાર શાળા મેનેજમેન્ટ કમિટી સાથે વાત કરવાનુ કેમ ટાળવામાં આવે છે. શિક્ષણ સમિતિના ચેરમેનો સાથે કેમ ચિંતન નથી થતુ. જિલ્લાના શિક્ષણમાં રચ્યા પચ્યા રહેતા શિક્ષકોના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ગરમીની ગિરફ્તમાં

## મહત્તમ તાપમાન ૪૪.૫ ડીગ્રી : ગરમીનો પારો એક ડીગ્રી ઉંચકાયો : વળતા ઉનાળે આકાશમાંથી વરસતા અંગારા થી શહેરીજનો ત્રસ્ત : અમી છાંટણા વરસે તેવી આશ

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો ઉંચે રહેતા આકાશમાંથી વરસતી અગ્નજવાળથી શહેરીજનો ચામડીનો દાહ અનુભવી રહ્યા છે. છેલ્લા ચાર દિવસથી ગરમીનો મિજાજ એકધારો રહેતા સતત હીટવેવના લીધે શહેરીજનો ઘરમાં કેદ થયેલા રહે છે. કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી. આજે પણ ગરમીનો પારો એક ડીગ્રી વધીને ૪૪.૫ સુધી પહોંચી ગયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩.૫ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે બે દિવસ પુર્વે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. મહત્તમ તાપમાન ૪૪.૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. વળતા ઉનાળે ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. આગ ઓકતી ગરમીએ સૌ કોઈને બેચેન કરી દીધા છે. નાના બાળકો તેમજ સિનિયર સિટીઝન્સ ગરમીથી વિશેષ પ્રભાવિત છે. જયારે નગરની સરકારી કચેરીઓમાં પણ ગરમીના લીધે કર્મચારીઓની પાંખી હાજરી વર્તાઈ રહી છે. શહેરના શોપિંગ બજારોમાં પણ દિવસ દરમિયાન સન્નાટો છવાયેલો જોવા મળે છે. છેલ્લા બે સપ્તાહથી ગરમીનો પારો ૪૨ ડીગ્રીની આસપાસ જ રહેતા ગરમીએ નગરને ગિરફતમાં લીધુ છે. અસહ્ય ગરમીએ સૌ કોઈને

● અનુસંધાન પાન-૭ પર




### ગરમીનો પારો ૪૫ ડીગ્રી સુધી પહોંચશે...!!

ગુજરાતમાં આકરી ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે હરિયાળા ગાંધીનગરમાં પણ ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બન્યો છે. છેલ્લા બે સપ્તાહથી ગરમીનુ જોર ઓછુ થતુ નથી. ગરમીનો પારો સતત ૪૨ ડીગ્રીની આસપાસ જ રહે છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૪.૮ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જયારે આજે પણ ગરમીનો પારો ૪૪ ડીગ્રીની પાર થઈ જતા નગરજનો આકરી ગરમીમાં ચામડીના દાહ અનુભવ્યા હતા. વળતા ઉનાળે ઉગ્ર થતા ગરમીના મિજાજથી સૌ કોઈ હવે સુરજદાદા ખમૈયા કરે તેવી આશ સાથે બેઠા છે. ત્યારે હજુ પણ ગરમીનો પારો વધુ ઉંચે ચઢે તેવી શક્યતાઓ પણ વ્યકત કરવામાં આવી છે. હવામાન તજજ્ઞોના મતે મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રી સુધી પહોંચે તેવી પણ શક્યતા છે.

# વાવોલ-પેથાપુરની બે ટી.પી.ને મંજૂરી

## શહેરના વિકાસને સંતુલિત બનાવવાની દિશામાં મુખ્યમંત્રી દ્વારા મહત્વનું કદમ

ગાંધીનગર, તા. ૧

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરના વિકાસને સંતુલિત કરવા અને ઝડપી બનાવવા માટે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની બે ટી.પી. જે ફાઈનલ થઈ હોવાથી મંજૂરી આપી છે.

ગુડાની ટી.પી. નં. ૧૬ જે પેથાપુર અને ગાંધીનગર ગુડાની ટી.પી. નં. ૧૩ જે વાવોલની છે તેને લીલી ઝંડી આપી છે.

મુખ્યમંત્રીએ રાજયના શહેરી ક્ષેત્રોમાં સુઆયોજિત અને ઝડપી વિકાસની પ્રતિબદ્ધતા સાથે ૨૦૧૯ના વર્ષના પ્રથમ પાંચ જ મહિનામાં ૫૦ જેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમ ડેવલપમેન્ટ મંજૂર કર્યા છે.

વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યો ત્યારથી ૨૦૧૯ના વર્ષ સુધીમાં ટી.પી. સ્કીમની પરવાનગી મંજૂરીની સદી આંક પહોંચાડ્યા બાદ આ વર્ષમાં પ્રથમ પાંચ માસમાં જ ૫૦ ટી.પી. ડી.પી.ને પરવાનગી આપી વિક્રમ સર્જ્યો છે.

સરકારે ગઈકાલે ૫૦ જેટલી ટી.પી.ને મંજૂરી આપતાં ૫ હજારથી પણ વધુ હેકટર વિસ્તારને આયોજનનો ઓપ મળ્યો છે.

ચૂંટણીઓ બાદ આ ફાયનલ ટી.પી. મંજૂર થતાં તેટલી ટીપી સ્કીમની કાર્યવાહી પૂર્ણ થઈ તમામ રેકર્ડ સંબંધિત ઓથોરીટીને ટાઉન પ્લાનીંગ ઓફિસર દ્વારા સોંપી દેવામાં આવે છે અને પરિણામે આ ટી.પી.ના વિકાસને ઝડપી વેગ મળે છે.

શહેરી વિકાસ વિભાગમાં લોકોને નહિવત મુશ્કેલી પડે અને તમામ સ્તરીય ઝડપી કાર્યવાહીની સૂચના પણ મુખ્યમંત્રીએ આપી છે. ગાંધીનગરની વાવોલ અને પેથાપુરની ટી.પી. મંજૂર થતાં આ વિસ્તારમાં હવે વિકાસની પ્રક્રિયા ઝડપથી આગળ વધશે.

# પુનિત વનની સુંદરતા વધારવા માટે નવતર આયોજન કરાશે

## દોઢ દાયકાના અંતે નવા રોપાઓની વાવણી અને વોક વે સહીત ડિઝાઇનમાં ફેરફાર કરવા માટે પણ વિચારણા

ગાંધીનગર તા ૧

ગાંધીનગરની આગવી ઓળખ સમા પુનિત વનના નિર્માણને દોઢ દાયકા જેટલો સમય વિતી ગયો છે. જયારે હાલ પણ પુનિત વન સહેલાણીઓ તેમજ સ્થાનિકો માટે આકર્ષણનુ કેન્દ્ર સ્થાન મનાય છે. ત્યારે પુનિત વનની સુંદરતા વધુ નિખારવા માટે પણ અયોજન વિચારણા હેઠળ છે. પુનિત વનમાં જુના અને મુર્ઝાયેલા રોપાઓ દુર કરી નવા રોપાઓની વાવણી કરવા તેમજ વોક વે સહીત અન્ય ડિઝાઈનમાં પણ જરૂરી બદલાવ લાવવા માટે આયોજન કરવામાં આવશે. પુનિત વનની સુંદરતા વધારવા જરૂરી ફેરફાર કરવામાં આવશે.

શહેરમાં બ્યુટીફિકેશનને અનુલક્ષી અનેકવિધ કામો હાથ ધરવામાં આવે છે. શહેરના સેકટરોમાં પણ ઉદ્યાનોનુ અસ્તિત્વ છે. બીજીતરફ નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કની રોનક પણ નિખરી છે. સ્વર્ણિમ પાર્કમાં પણ સુંદરતા નિખારવા માટે નવતર રોપાઓની વાવણી કરવામાં આવે છે સમયાંતરે પાર્કમાં બ્યુટિફિકેશનને ધ્યાને લઈ નવિન કામો હાથ ધરાય છે. જયારે શહેરની આગવી ઓળખ સમા પુનિત વન માં પણ રોજબરોજ નોંધપાત્ર મુલાકાતીઓ આવે છે. શહેરના વી વી આઈ પી મહાનુભાવો પણ પાર્કમાં વોકીંગ માટે આવતા હોય છે. જયારે સવારે અને સાંજના સમયે પાર્કનો નઝારો વિશેષ નિખરે છે. પક્ષીઓના કલરવ તેમજ આર્યુવેદિક વનસ્પતિ સહીત વિવિધ પ્લાન્ટેશનના લીધે પાર્કનુ આરોગ્યપ્રદ વાતાવરણ મુલાકાતીઓ માટે મનભાવન બન્યુ છે. શહેરમાં અંદાજિત વર્ષ ૨૦૦૫ માં પુનિતવનનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જયારે દોઢ દાયકાના અંતે પાર્કમાં હવે જરૂરી સુધારા તેમજ નવા રોપાઓની વાવણી સહીત બ્યટીફિકેશનની કામગીરી હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે આ મામલે પરામર્શના અંતે પુનિત વનમાં બ્યુટીફિકેશનને અનુલક્ષી નવા રોપાઓની વાવણી કરવા માટે પણ ટુંકમાં આયોજન કરાશે. જયારે પુનિત વનમાં નવો વોક વે ઉપરાંત ડીઝાઈનમાં જરૂરી ફેરફાર કરવા માટે પણ વિચારણા ચાલી રહી છે. પુનિત વનની સુંદરતાને નિખારવા માટે પણ ટુંકમાં આખરી આયોજન કરાશે.

# સોમવારે નર્મદા ઘાટ પર સપ્તકના વિદ્યાર્થીઓ નાદબ્રહ્મ અને પ્રાર્થનાની પ્રસ્તુતિ કરશે

## સ્વ. ચીમનભાઈ પટેલની ૯૧મી જન્મ જયંતિએ ખાસ નવતર કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલની ૯૧મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગરમાં તેમની સ્મૃતિમાં બનેલ નર્મદા ઘાટ ખાતે નાદબ્રહ્મ અને પ્રાર્થનાનો અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

ગાંધીનગર ખાતે સ્વ. ચીમનભાઈ પટેલની ૯૧મી જન્મ જયંતિના ભાગરૂપે આ કાર્યક્રમને લઈ પરિવાર અને તેમના શુભેચ્છકો તેમજ સમર્થકો દ્વારા જોરદાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તેમની જન્મ જયંતિ ૩જી જુન છે.

સોમવારે સવારે ૭.૪૫ થી ૯.૧૫ સુધી ચાલનારા આ નાદબ્રહ્મ અને પ્રાર્થનાની પ્રસ્તુતિ સપ્તકના વિદ્યાર્થીઓ દ્વારા થવાની છે. આને લઈ કલારસિકોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શાસ્ત્રીય સંગીત સાથે કલાકારોની આ પ્રસ્તુતિ એ નગરના કલારસિકો માટે પ્રથમવાર થવાની છે. આ કાર્યક્રમને માણવા સૌ કલારસિકો અને શુભેચ્છકોને હાજર રહેવા પરિવારે ખાસ ઈજન પાઠવ્યા છે.

# જિલ્લામાં સુજલામ-સુફલામ-૨ અંતર્ગત માત્ર ૫૦ ટકા કામગીરી થઈ

## આચારસંહિતાનું ગ્રહણ નડતાં વહીવટીય મંજૂરીઓમાં કામગીરી ખોટવાઈ

ગાંધીનગર, તા. ૧

સુજલામ-સુફલામ યોજના-૨ માં જિલ્લામાં માત્ર ૫૦ ટકા જ કામગીરી થઈ છે અને આ અહેવાલ જોઈ જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

જો કે ૭૦ દિવસથી પણ વધુ સમય સુધી રહેલી આદર્શ આચારસંહિતાને પગલે ઘણી બધી બાબતોમાં વહીવટીય અને ટેકનીકલી મંજૂરીઓ બાકી હોવાથી આવુ ચિત્ર બહાર આવ્યુ છે પરંતુ આગામી દિવસોમાં કામગીરી ૧૦૦ ટકા સુધી કેવી રીતે પૂર્ણ થાય તેના પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

તાજેતરમાં સરકારના ઉચ્ચ અધિકારીઓએ મોન્શુન પ્રિપેડનેસ અંગે યોજેલ વી.સી. દરમ્યાન આ ચોંકાવનારી હકીકત પ્રકાશમાં આવી હોવાની વાત છે.

જિલ્લામાં ૧૦૦થી વધુ તળાવો બનાવવાનો લક્ષ્યાંક હતો. મનરેગા હેઠળ ૨૨ જેટલા તળાવો બનાવાનો લક્ષ્યાંક હતો જેમાં ૧૬માં વહીવટીય પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ છે. આ ઉપરાંત આ વખતે જનભાગીદારી ઘણી ઓછી જોવા મળી રહી છે.

હવે તંત્રએ આળસ મરડી જરૂર છે પણ કામગીરી કેટલી થશે તેને લઈ શંકા છે. હાલ તો કાંસની સફાઈ અને અન્ય કામગીરી પર પુરતુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. વરસાદી પાણીના નિકાલની કામગીરીમાં ગતિ વધારવામાં આવી છે. સરકારે ૧૫મી જૂન સુધીમાં આ બધી કામગીરી સંપન્ન થાય તે માટે તંત્રનો કાન આમળ્યો છે.

# ધોરણ ૧૦-૧૨ના પુસ્તકોનાં ભાવમાં ધરખમ વધારો ઝીંકાયો

ગાંધીનગર, તા.૧

આગામી ૧૦ જૂનથી નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થવા જઈ રહી છે, ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓ પર સ્ટેશનરીના ખર્ચનો બોજો પડવાનો છે. મોંઘવારી વધવાની સાથે સ્ટેશનરીના ભાવો પણ બમણા થઈ ગયા છે. આ વધારાથી સૌથી મોટી અસર મધ્યમવર્ગના લોકોને પડશે. જ્યાં એક તરફ ચણાની દાળ પણ વધારા સાથે પ્રતિ કિલો ૬૦થી ૬૫ રૂપિયાની આસપાસ મળી રહી છે તો તેની સામે ગણિતની ચોપડીનો ભાવ ડબલ ૧૦૪થી ૧૧૭ રૂપિયા થઈ ગયો છે. સ્ટેશનરી બજારમાં નોટબૂક અને પાઠ્યપુસ્તકોના ભાવમાં ૧૦૦ ટકા જેટલો ભાવ વધારો ઝીંકાયો હોય વાલીઓમાં રોષ પણ જણાય છે.

પાઠ્યપુસ્તકોના ભાવમાં વધારો ઝીંકાતા ગરીબ અને મધ્યમવર્ગના પરિવાર બાળકોના ભણતરના ખર્ચને લઈ ચિંતામાં મુકાયા છે. માત્ર નોટબૂકનો જ ખર્ચ ૫૦૦થી ૮૦૦ રૂપિયા થઈ જાય છે. જ્યારે પાઠ્યપુસ્તકોની કિંમતમાં પણ વધારો થયો છે.

ON RANT AVAILABLE
3BHK FULLY FURNISHED FLAT at Krishnakunj. Air-conditioning / Moduler kitchen / Bed / Sofa Dinning. For only family.
: Direct party call :
997470340

ઉત્તર ગુજરાતમાં બીલ્ડર્સ, એન્જીનીયર્સ, કોન્ટ્રાક્ટર્સ, ગર્વ. કોન્ટ્રાક્ટર્સ, RMC પ્લાન્ટ પ્રિકાસ્ટ ટાઈલ્સ ઉદ્યોગ, તેમજ ૧૧૬ કાઉન્ટર સાથે વિશાળ નેટવર્ક ધરાવતી ફર્મ







કૈલાસ ટ્રેડર્સ -ગાંધીનગર
દર્શન- ૯૯૯૮૪ ૭૩૨૦૦ | નીતેષ - ૯૮૯૮૭ ૬૧૮૪૫
હાર્દિક - ૯૦૩૩૮ ૨૩૭૦૫ | નીલાક્ષ - ૮૧૪૦૦ ૨૫૬૩૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com